# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-09-2024 સવાર : 7.45 થી 7.55

વાર : ગુરૂવાર

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

- ✓ 70 વર્ષથી વધુ વયનાં તમામ વરિષ્ઠ નાગરિકોને પાંચ લાખ રૂપિયાનું વીમા કવચ આપવાનો સરકારનો નિર્ણય
- ✓ આગામી પાંચ વર્ષમાં 38 હજારથી વધુ ઇલેક્ટ્રિક બસ ખરીદવામાં આવશે - બે હજાર કરોડનાં ખર્ચે મિશન મોસમને પણ મંત્રીમંડળની મંજૂરી
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં નાગરિક ઉડ્ડયન અંગેની બીજી એશિયા-પ્રશાંત મંત્રીસ્તરીય પરિષદમાં ભાગ લેશે
- ✓ વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકર આજથી સ્વિત્ઝરલેન્ડની બે દિવસની મુલાકાતે- જીનિવામાં ભારત સાથે સંકળાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વડાઓ અને પ્રતિનિધિઓને મળશે
- ✓ ભારત અને યુનાઇટેડ આરબ એમિરેટ્સ વચ્ચે પરમાણુ ક્ષેત્રમાં સમજૂતિ
- ✓ એશિયન ક્રિકેટ કાઉન્સિલ-ACC એ મહિલા અન્ડર-19 T20 એશિયા કપની શરૂઆતની સત્તાવાર જાહેરાત કરી

---

(ન્યૂઝ બ્રેક — આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINETDECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે આયુષ્યમાન ભારત પીએમ જનઆરોગ્ય યોજના (AB PM-JAY) હેઠળ 70 વર્ષથી વધુ વયનાં તમામ વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય વીમો પૂરો પાડવાની મંજુરી આપી છે. આ માટે ત્રણ હજાર 437 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગઇકાલે સાંજે કેબિનેટની બેઠક બાદ  કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે વધુ વિગતો આપી હતીઃ

(Byte Ashwini Vaishnav……70 Years. )

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, લાયક વરિષ્ઠ નાગરિકોને નવા વિશષ કાર્ડ જારી કરવામાં આવશે. પીએમ જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવાયેલા વરિષ્ઠ નાગરિકને વધારાના પાંચ લાખ રૂપિયાનું ટોપ અપ કવર મળશે. આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના છે, જેમાં પરિવારને દર વર્ષે પાંચ લાખ રૂપિયાનો વીમો મળે છે. 12 કરોડ 34 લાખ પરિવારો અને 55 કરોડ લોકોને નિઃશુલ્ક મેડિકલ સારવારનો લાભ મળી રહ્યો છે.

દરમિયાન કેન્દ્રીય મંત્રીમંડળે જાહેર પરિવહન સત્તામંડળ દ્વારા ઇલેક્ટ્રિક બસની ખરીદી અને તેને ચલાવવા માટેની પીએમ- ઈ-બસ સેવા-પેમેન્ટ સિક્યોરિટી મિકેનિઝમ- PSM ને પણ મંજૂરી આપી હતી. આ માટે ત્રણ હજાર 435 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ 2024-25થી 2028-29 દરમિયાન 38 હજારથી વધુ ઇલેક્ટ્રિક બસ શરૂ કરવામાં આવશે. શ્રી વૈષ્ણવે આ યોજના અંગે વધુ માહિતી આપી હતીઃ

(Byte Ashwini Vaishnav......70 Years. )

કેન્દ્રીય મંત્રીમંડળે બે હજાર કરોડનાં ખર્ચે મિશન મોસમને પણ મંજૂરી આપી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ભૂ વિજ્ઞાન મંત્રાલય દ્વારા અમલી બનનારી આ યોજનાથી ભારતનાં હવામાન સંબંધિત વિજ્ઞાન, સંશોધન અને સેવાઓને વેગ મળશે.

આ મિશન આબોહવા અને હવામાન અંગેની અત્યંત ચોક્કસ અને સમયસર માહિતી પૂરી  પાડશે, જેનો સીધો લાભ કૃષિ, આપત્તિ વ્યવસ્થાપન, સંરક્ષણ, પર્યાવરણ, ઉડ્ડયન, જળ સંસાધન, ઊર્જા, પર્યટન, શિપિંગ, પરિવહન અને આરોગ્ય ક્ષેત્રને થશે.

આ ઉપરાંત મંત્રીમંડળે પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના-ચારના અમલીકરણ માટે ગ્રામીણ વિકાસ મંત્રાલયની 70 હજાર કરોડ રૂપિયાની દરખાસ્ત પણ મંજૂરી કરી હતી.

# CIVIL AVIATION CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે નાગરિક ઉડ્ડયન અંગેની બીજી એશિયા-પ્રશાંત મંત્રી સ્તરીય પરિષદમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી તમામ સભ્ય દેશો દ્વારા "દિલ્હી ડેક્લરેશન" ને અપનાવવાની જાહેરાત પણ કરશે. દિલ્હી ડેક્લરેશનએ પ્રદેશના ઉડ્ડયન ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટેની મહત્વાકાંક્ષી માર્ગદર્શિક છે.

આ પરિષદ અને દિલ્હી ડેક્લરેશનનો સ્વીકાર એશિયા-પ્રશાંત દેશોનાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં સલામતી અને સાતત્યતાને આગળ ધપાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. આ પરિષદનું આયોજન નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. તેમાં સમગ્ર એશિયા-પ્રશાંત પ્રદેશમાંથી પરિવહન અને ઉડ્ડયન મંત્રીઓ, નિયમનકારી સંસ્થાઓ અને ઉદ્યોગ નિષ્ણાતો એક મંચ પર ઉપસ્થિત રહેશે.

# S JAISHANKAR SWISS

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર આજથી સ્વિત્ઝરલેન્ડની બે દિવસની મુલાકાતે જશે. સાઉદી અરેબિયા, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડની તેમની ત્રણ દેશોની મુલાકાતનો આ ત્રીજો અને અંતિમ તબક્કો છે.

વિદેશ મંત્રી જીનિવામાં ભારત સાથે સંકળાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વડાઓ અને પ્રતિનિધિઓને મળશે. તેઓ બંને દેશો વચ્ચેની ગાઢ ભાગીદારીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ વધારવાના માર્ગો શોધવા માટે સ્વિસ વિદેશ મંત્રીને પણ મળશે.

ગઈકાલે, ડૉક્ટર જયશંકરે બર્લિનમાં જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે મુલાકાત કરી હતી. ડૉક્ટર જયશંકર તેમના ત્રણ દેશોના પ્રવાસના બીજા તબક્કામાં જર્મનીમાં હતા. તેમણે બુન્ડસ્ટેગ તરીકે ઓળખાતી જર્મન સંસદના સભ્યો સાથે પણ વાતચીત કરી.-

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

# NUCLEAR AGREEMENT

એમિરેટ્સ ન્યુક્લિયર એનર્જી કોર્પોરેશન ENEC અનેન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ- NPCIL એ સપ્લાય ચેઇન ડેવલપમેન્ટ, ન્યુક્લિયર કન્સલ્ટન્સી સર્વિસિસન જોગવાઇ અને ભાવિ રોકાણ માટે ગઈ કાલે નવી દિલ્હીમાં સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા.

પરમાણુ ક્ષેત્રમાં ભારત અને યુનાઇટેડ આરબ એમિરેટ્સ વચ્ચેઆ પ્રકારની પ્રથમ સમજૂતિ છે. એમિરેટ્સ ન્યુક્લિયર એનર્જી કોર્પોરેશનના એમડી અનેસીઇઓ મોહમ્મદ અલ હમાદી અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડના ચેરમેન અને એમડી ભુવન ચંદ્ર પાઠકે આ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા.

# AHMEDABAD TO GANDHINAGAR METRO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 16 સપ્ટેમ્બરે મેટ્રો ટ્રેનના બીજા તબક્કાના રૂટનો ગાંધીનગરના સેક્ટર એકથી પ્રારંભ કરાવશે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના GNLU, PDEU, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફો સિટી તેમ જ સેક્ટર એકના વિસ્તારને આવરી લેવાશે.

અમદાવાદથી ગાંધીનગરના મેટ્રો ટ્રેનના બીજા તબક્કાનું અંતર 21 કિલોમીટરનું રહેશે. શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો ટ્રેન દોડશે અને આગામી સમયમાં આ મેટ્રો ટ્રેન સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર- 16, 24 અને મહાત્મા મંદિર સુધી જશે. જ્યારે અમદાવાદના વાસણા APMCથી ગાંધીનગરના સેક્ટર એક સુધીની સાડા 33 કિલોમીટરની મેટ્રો યાત્રાનું ભાડું 35 રૂપિયા રહેશે.

# TARANG SHAKTI

ભારતીય વાયુસેના જોધપુરમાં તેની સૌથી મોટી બહુરાષ્ટ્રીય હવાઈ કવાયત, તરંગ શક્તિ-24નું આયોજન કરી રહી છે. કવાયતની સાથે સાથે, એલએએફ ઈન્ડિયા ડિફેન્સ એવિએશન એક્સપોઝિશન IDAX-24નું પણ આયોજન કરાયું છે.

તરંગ શક્તિ-24નું ઉદ્ઘાટન આજે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ કરશે. આ આવૃત્તિ, 12થી 14 સપ્ટેમ્બર સુધી યોજાશે, જેમાં ઉત્પાદનો અને તકનીકોની વિશાળ શ્રેણી હોસ્ટ કરતા ઉદ્યોગની ભવ્ય ભાગીદારી હશે.

આ કાર્યક્રમ ફ્રેન્ડલી ફોરેન કન્ટ્રીઝ અને ભારતીય ઉડ્ડયન ઉદ્યોગના સહભાગીઓને માહિતી, અનુભવ અને વાર્તાલાપ કરવાની તક મળશે. IDAX નો ઉદ્દેશ્ય ભારતીય ઉડ્ડયન ઉદ્યોગની સ્વદેશી કૌશલ્યોને પ્રદર્શિત કરવાનો છે.

# TICKET FINES

પશ્ચિમ રેલ્વેએ એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન ટિકિટ નહીં લેવા સહિતનાં નિયમભંગ બદલ 62 કરોડ રૂપિયાના દંડની વસૂલાત કરી છે. આમાંથી 20 કરોડ રૂપિયાથી વધુ રકમ ઉપનગરીય વિભાગમાંથી એકત્રિત કરવામાં આવી હતી.

ઓગસ્ટ મહિનામાં જ પશ્ચિમ રેલવેએ એક લાખ 19 હજાર પ્રવાસીઓ પાસે ચાર કરોડ 96 લાખ રૂપિયા વસુલ કર્યા હતા. ખાસ કરીને એસી લોકલ ટ્રેનોમાં બિનઅધિકૃત મુસાફરીને રોકવા પશ્ચિમ રેલવેએ સરપ્રાઇઝ ચેક હાથ ધરી હતી, જેમાં 23 હજાર 800 પ્રવાસી પાસેથી 78 લાખ રૂપિયનો દંડ વસુલવામાં આવ્યો હતો.

# ISRAEL-HAMAS CEASEFIRE

પેલેસ્ટાઇની આતંકવાદી જૂથ હમાસે કોઈ પણ પક્ષ તરફથી નવી શરતો વિના અમેરિકાનાં પ્રસ્તાવના આધારે યુદ્ધવિરામ સમજૂતીને લાગુ કરવાની તૈયારીનો પુનરોચ્ચાર કર્યો છે. કતાર અને ઇજિપ્તના મધ્યસ્થીઓ સાથે દોહામાં એક બેઠક દરમિયાન હમાસના પ્રતિનિધિમંડળે ગાઝાપટ્ટી માટે યુદ્ધ વિરામની દિશામાં કામ કરવા માટે હકારાત્મકતા અભિગમ વ્યક્ત કર્યો હતો.

હમાસના એક નિવેદન અનુસાર જૂથે ગાઝા પટ્ટીમાંથી ઇઝરાયેલી સેનાને સંપૂર્ણ પાછી ખેંચી લેવાની માંગ પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે એકીકૃત પેલેસ્ટાઇની કલ્પનાને અનુરુપ આ વિસ્તાર પર શાસનનો મુદ્દો સંપૂર્ણપણે પેલેસ્ટાઇનનો આંતરિક મુદ્દો હોવો જોઇએ.

# ASIA T 19 CUP

મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવાના એક મહત્વપૂર્ણ પગલામાં, એશિયન ક્રિકેટ કાઉન્સિલ-ACC એ મહિલા અન્ડર-19 T20 એશિયા કપની શરૂઆતની સત્તાવાર જાહેરાત કરી છે.

મલેશિયાના કુઆલાલમ્પુરમાં ACCની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક દરમિયાન આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.ACC એ એક સત્તાવાર યાદીમાં પુષ્ટિ કરી છે કે મહિલા અન્ડર-19 એશિયા કપ દ્વિવાર્ષિક રૂપે યોજવામાં આવશે.

દરેક ICC મહિલા U19 વિશ્વ કપ પહેલાંની મુખ્ય તૈયારી ધરાવતી ટુર્નામેન્ટ તરીકે તેને સ્થાન આપવામાં આવશે. ટૂર્નામેન્ટનો હેતુ એશિયામાં ઉભરતી મહિલા ક્રિકેટરોને આંતરરાષ્ટ્રીય મંચ પર સ્પર્ધા કરવાની તક આપીને અનુભવ પ્રદાન કરવાનો છે. .

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર સાથે અમારા સહયોગી કરણ મકવાણા.....

- તમામના સમચારપત્રોએ આયુષ્યમાં ભારત યોજનામાં 70 અવર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોના સમાવેશનના સમાચારને પ્રથમ પાના પર સ્થાન આપ્યું છે,
- ગુજરાત સમાચારે એક અહેવાલને ટાંકીને કોસ્ટ ઓફ લિવિંગમાં સમગ્ર દેશમાં ગુજરાત સૌથી મોંઘું રાજ્ય - આ સમાચારને હેડ લાઇન્સ તરીકે છાપ્યા છે .
- દિવ્ય ભાસ્કરે એક અહેવાલમાં જણાવ્યું છે - માત્ર રૂપિયા 35માં એપીએમસીથી ગાંધીનગર સેક્ટર – 1 સુધી મેટ્રોની મુસાફરી.
- સંદેશની હેડલાઈન લખે છે રાહુલ ભારત વિરોધી ઈલ્હાનને મળતાં વિવાદમાં ફસાયા.
- ફૂલછાબ લખે છે કે, ગિરના સિંહાનો દર્શન માટે ગીર દેવળિયા પાર્ક જવું બનશે વધુ સરળ.
- અમેરિકાની ચૂંટણીને લઈને ટ્રમ્પ પર કમલા હાવી થયાં - આ સમાચારને દિવ્ય ભાસ્કરને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- નવ ગુજરાત સમય લખે છે કે, બજાજ હાઉસિંગના આઈપીઓમાં રોકાણકારોના ઘોડાપુર.

*****************